Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन धर्म प्रकाश

# JAINA DHARMA PRAKASH.

પુસ્તક ૧ લું. આશ્વિન શુદિ ૧૫ સંવત ૧૯૪૧ અંક ૮ મો.

इंद्रवज्रा.

जिनेंद्र पूजा गुरु पर्यु पासितः
सत्वानु कंपा शुभ पात्र दानं
गुणानुरागः श्रुति राग मस्य
नृजन्म वृक्षस्य फलान्य मूनि

પ્રગટ કર્તા.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

અંમદાવાદમાં.

યુનાઈટેડ પ્રીન્ટીંગ અને જ. એ. કુ. લીમીટેડના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી પ્રસિદ્ધ કર્યું.

મુલ્ય વર્ષ ૧ નો રૂ.૧—૦—૦ અગાઉથી. પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિજ્ઞપ્તિ.

સર્વ સુજ્ઞ ગ્રાહકોએ આ ચોપાનીયાના સ્વલ્પ મુલ્ય તરફ વિચાર ન કરતાં તેનું સારી રીતે બહુ માન સાચવી વાંચવું. બીલકુલ આસાતના કરવી નહીં કારણ કે જ્ઞાનની આસાતના કરવાથી અજ્ઞાનપણું પ્રાપ્ત થાય છે અર્થાત્ જ્ઞાનાવરણી કર્મ બંધાયછે. આ વાક્યને લક્ષમાં રાખીને ચોપાનીયું વાંચીને રખડતું ન મૂકતાં યોગ્ય થાનકે મૂકી વિનય સાચવવો જેથી કરેલો પ્રયાસ સફળ થાય.

## अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ |
|---|---|
| ૧ હરિબળ અને વસંતશ્રી, પંચાંકી નાટક. ... ... ... ... | ૧૧૩ |
| ૨ સમકિત (આરામનંદનની કથા.) ... ... ... ... ... | ૧૧૭ |
| ૩ ધર્મવિચાર (જિન પૂજા) ... ... ... ... ... ... | ૧૨૧ |
| ૪ સત્ત. (અગડ પુત્ર ચરિત્ર.) ... ... ... ... ... ... | ૧૨૫ |


## जैन कन्याशाला माटे.

### સ્ત્રી શિક્ષક જોઈએ છીએ.

ગુજરાતી ભાષાનું સારી રીતે લખી વાંચી શકે તેટલું અને ધર્મ સંબંધી શુદ્ધ રીતે પાંચ પ્રતિક્રમણનું જ્ઞાન ધરાવનાર કોઈ શ્રાવિકા પગાર લઈને રહેવા ખુશી હોય તો તેણે અમને લખી જણાવવું. તેની યોગ્યતા મુજબ પગારનો બંદોબસ્ત કરી રાખવામાં આવશે.

મંત્રી,

જૈ. ધ. પ્ર. સભા.

## લખનારાઓને ખબર.

આશ્રિત—રૂબરૂમાં ખુલાસો આપ્યોછે તો પણ હવે પછીના માસિક પત્રમાં પ્રત્યુત્તર દાખલ કરીશું.

જિજ્ઞાસુ—સ્થળ સંકોચના કારણથી આવતા અંકમાં પ્રશ્નોત્તરનો સમાવેશ કરીશું.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

# JAINA DHARMA PRAKASH.

દોહરો.

અનુપમાંની ચિત્તમાં, પાપી પડે પિડાય;

જૈન ધર્મ ઉદ્યોતવા, પ્રગટ્યું જૈનપ્રકાશ.

પુસ્તક ૨ જું. શાકે ૧૮૦૭ આશ્વિન શુદિ. ૧૫ સંવત. ૧૯૪૨ અંક ૮ મો.

## श्री जैन धर्मो जयति.

## हरिबल अने वसंतश्री.

( જીવદયાથી થતા ફાયદાનું )

### पंचांकी नाटक.

(સાંધણ પાને ૮૫ થી.)

દેવ—હે હરિબળ! હું તારા આજના નિયમથી પ્રસન્ન થયોછું. હું સમુદ્રનો અધિષ્ઠાયક દેવતાછું. અવધિજ્ઞાને કરી તેં ગ્રહણ કરેલા નિયમને જાણી તે નિયમથી તને ચળાવવા માટે આવ્યો હતો અને મેંજ મચ્છનું રૂપ ગ્રહણ કરી તારી દરેક જાળમાં આવી ઘણીજ ગમત આવવા દીધા નહીં, તોપણ તેં તારા ગ્રહણ કરેલા ઉગ્ર વ્રતમાં પૂર્ણ દ્રઢતા રાખી. આ મોહમય સંસારને વિષે કોઈકજ પ્રાણી વ્રત ગ્રહણ કરેછે તેમાં કેટલાએક તો ગ્રહણ કરેલા વ્રતનો સંપૂર્ણ રીતે નિર્વાહ કરતા નથી; પરંતુ જેઓ સંપૂર્ણ રીતે નિર્વાહ કરેછે તેવા તારી સરખા વીરલા પુરૂષોને ધન્યછે. હે ધિવર! હું તારી ઉપર તુષ્ટમાન થયોછું માટે તું યથેચ્છ વર માગ.[1]

---

૧ કહ્યુંછે કે— अमोघा वासरे विद्युत्, अमोघं निशी गर्जितं;
अमोघा सज्जना वाणी. अमोघं देव दर्शनं ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરિબળ—હે દેવ ! જો તું મારી ઉપર તુષ્ટમાન થયો છે તો મારી આ દરિદ્રતાને દુર કર અને સંકટના સમયમાં સહાય થવા વચન આપ.

દેવ—તથાસ્તુ. (અદ્રશ્ય થાયછે)

( હરિબળ નગરના દહેરાભણી જાયછે )

## પ્રવેશ ત્રીજો.

**સ્થળ—રાજ્યમહેલ.**

વસંતશ્રી, દાસી અને પાછળથી હરિબળ શ્રેષ્ઠી પુત્ર.

વસંશ્રી—અરે ! હવે તો મારાથી આ કામતાપ સહન થઇ શકતો નથી અને એ દુઃખદાયક કામાગ્નિથી મારૂં આખું શરીર મ-જ્વળીત થઈ રહ્યુંછે. વળી જ્યારથી મેં એ શ્રેષ્ઠી પુત્ર હરિબળને જોયાછે ત્યારથી મારૂં ચિત્ત તેને વિષેજ ચોંટી રહેલુંછે માટે હે [illegible] તું સત્વરજા અને એ શ્રેષ્ઠીપુત્રને કોઇ ન જાણે તેવી રીતે [illegible] કામ તાપનું શાંત્વન કરવા બોલાવી લાવ.

દાસી—(મનમાં) અહો ! ધિક્કારછે એ કામદેવને કે જેણે આ કંચનપુરીના રાજાની નવયૌવના પુત્રીને એકદમ પોતાને સ્વાધિન કરી દીધીછે. ખરેખર મારી સ્વામિની અસહ્ય કામાગ્નિથી દુઃખીત થયેલીછે તો તેનું ઔષધ મારે લાવી આપવું જોઇએ (જાયછે).

વસંતશ્રી—(ગેહલી) રાગ—ઓખાહરણનો.

કામ બાળ્યો પણ મુજને બાળે, તેહ દુઃખ પિયુ વણકો ટાળે;
એણે હરિહર બ્રહ્મા ભુલાવ્યા, દેવ દાનવને રે ચુકાવ્યા.
એ શત્રુ બળાઢય એ મોટો, જગ સહુ તે આગળ છોટો;
શ્રેષ્ઠી પુત્ર હરિબળ સાથ, દેઉં ગાંધર્વ મુજ હાથ.

( દાસી. હરિબળ સાથે પ્રવેશ કરેછે )

હરિબળ—તમે મને શા માટે બોલાવ્યો છે ?

વસંતશ્રી—મેં તમને ગઈ કાલે આ રસ્તેથી જતા જોયા ત્યારથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારૂં મન તમારે વિષે લીન થઇ ગયેલું છે તેમજ મેં જે અગાઉ તમારા રૂપગુણની ખ્યાતી સાંભળેલી તેથી મારૂં હૃદય વિશેષ આપની ઉપર લાગી રહ્યુંછે. અને તેથી મારો વિચાર તમારી સાથે સત્વર ગાંધર્વ વિધિએ લગ્ન કરવાનો થયેલો છે. આશાછે કે આપ મારી આ પ્રાર્થના અમાન્ય નહીં કરો.

હરિબળ—તમારે મારી સાથે જે ગાંધર્વ વિધિએ લગ્ન કરવું તે સંપૂર્ણ ભય ભરેલું છે. પ્રથમ તો આપના પિતા તરફની પુરી દહેશત. જો આ ખબર તેમને થાય તો તેથી મને અને તમને દેશવટારૂપ જે મોટી શિક્ષા તે કરે. વળી હું વણિક પુત્ર અને તમે રાજપુત્રી તેનો પરસ્પર સંબંધ તે પણ અઘટીત ગણાય તો હે સુકુમારી! જે કામ કરવું તે વિચાર્યા પછી કરવું. સાહસ કરવું નહીં.

વસંતશ્રી—આપના વચનો જોકે ખરેખર સત્યછે પરંતુ હે પ્રાણપ્રિય! તેને માટે મેં સઘળી ગોઠવણ અગાઉથીજ કરી રાખેલી છે. તમારે આજ રાત્રે આપણા નગરની બહારના સોમેશ્વર મહાદેવના દેવાલયમાં બરાબર દસ કલાકે આવવું અને હું પણ તેજ વખતે ત્યાં આવીશ. પછી આપણુ બંનેજણા ત્યાંથી કોઇ બીજા સુશોભિત શહેરમાં જઇ નિવાસ કરશું. વાહન તથા દ્રવ્ય સંબંધી આપે જરા પણ ફીકર રાખવી નહીં.

હરિબળ—તમારો જો અત્યાગ્રહ છે તો હું તમારૂં કહેવું સ્વીકારૂં છું અને તેને માટે તમે કહ્યો તે સમયજ યોગ્ય છે. હું તે વખતે ત્યાં જરૂર આવીશ.

વસંતશ્રી—ત્યારે હવે પધારો. પરંતુ તૈયારીમાં રહેજો. ભુલશો નહીં.

હરિબળ—(જતા જતા મનમાં) નિરૂપાયે કબુલ તો કરવું પડયુંછે પણ તે આપણું કામ નથી માટે તેને જવું હોય તો ભલે જતી. આપણે કાંઈ જવાના નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રવેશ ચોથો.

સ્થળ—મહાદેવનું દેરૂં.

હરિબળ માછી અને વસંતશ્રી.

વસંતશ્રી—હરિબળ ! એ હરિબળ !

(આ પ્રમાણે સાદ પાડેછે એટલે અંદર હરિબળ શ્રેષ્ઠી પુત્ર ન હોવાથી માછી હરિબળ જાળ મૂકીને બહાર આવેછે )

ચાલો હવે આપણે જલદી નીકળી જઈએ.

હરિબળ—(સ્વગત) આ કોઇ બીજા હરિબળ સાથે સંકેત કરી રાખેલી સ્ત્રી આવી જણાયછે. પણ ચાલો તો ખરા. બનશે તે ખરૂં.

(બંને જણ સાથે જાયછે.)

## પ્રવેશ પાંચમો.

સ્થળ—રસ્તો.

વસંતશ્રી—તમે મહાદેવના દહેરામાં સુઇ રહ્યા હતા કે શું ?

હરિબળ—(અવાજ ઓળખાઈ જવાના ભયથી ચોખ્ખો જવાબ ન દેતાં "હું" એવાજ વાબ આપેછે.)

વસંતશ્રી—તમે આવાં કપડાં કેમ પહેર્યાં છે ?

હરિબળ—હું.

## પ્રવેશ છઠ્ઠો.

સ્થળ—મહારણ્ય.

વસંતશ્રી અને હરિબળ.

(વસંતશ્રીના દરેક પ્રશ્નના જવાબમાં હરિબળ હું હું કર્યા કરેછે તેથી વસંતશ્રીના મનમાં શક પડેછે એટલામાં આ મહારણ્યમાં પ્રવેશ કરતા ચંદ્રોદય થાયછે અને તેથી હરિબળના કપડા વગેરે જોવાથી તથા ચંદ્રના પ્રકાશવડે તેનો ચહેરો દેખવાથી ખચીત આ કોઈ બીજો પુરૂષ છે એમ ધારી બોલેછે.)

વસંતશ્રી—(સ્વગત) ખરેખર આતે શ્રેષ્ઠી પુત્ર તો નહીંજ અરે ! હવે આ અઘોર જંગલમાં મારી શી ગતિ ! (આ પ્રમાણે ધીમે સ્વરે બોલીને ગાવા માંડેછે.)

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# समकित.

## (આરામનંદનની કથા.)

(સાંધણ પાને ૯૬ થી.)

તે દિવસે મળેલું રત્ન બીજા કોઇપણ મનુષ્યને ન બતાવતાં પોતેજ ભેંશના ગોમૂત્ર (છાણ)માં દબાવી દીધું. બીજે દિવસે આરામનંદન પોતે કરેલી કલ્પનાની સત્યાસત્ય પરીક્ષા કરવા માટે કરંબાની થાળી પાસે ઉભો રહ્યો. તરતજ મચ્છો આવ્યા ને કરંબો ખાવા લાગ્યા. પહેલે દિવસે જેમ એક મચ્છે રત્ન મુક્યું હતું તેમ આજે નહોતું; આજે તો સઘળાઓએ જેજે થાળીમાંથી કરંબો ખાધો તેમાં એકએક રત્ન મુક્યું. પોતાની કરેલી કલ્પના ખરી પડી અને પોતે અકસ્માત અગણિત દ્રવ્યનો અધિપતિ થયો તેથી કુંવરને ઘણોજ હર્ષ પ્રાપ્ત થયો. તોપણ તેણે પોતાનો ભાગ્યોદય અથવા બુદ્ધિનો ગર્વ બતાવવાને આ હકીકત સાથેના દાસ દાસીમાં કોઇની પાસે પ્રગટ કરી નહીં.

દરરોજ જે રત્નો ભેટ મળવા લાગ્યા તે લઇ,તેની ઉપર સ્વહસ્તે નિશાની કરી છાણામાં દાબ્યા. તે છાણા રત્ન શિવાયના છાણાથી જુદાં મુકાવ્યાં. તેણે વિચાર્યું કે પરિક્ષા કર્યા શિવાય અથવા અનુભવ્યા શિવાય કોઈપણ મનુષ્ય પાસે મર્મની વાત કહેવી નહીં, કારણ કે મર્મને જાણનાર દુર્જન સજ્જનને સંતાપકર્તા થઈ પડેછે. આ પ્રમાણે કુંવરને દરરોજ કરંબાની થાળીમાંથી સેંકડો રત્ન મળવાલાગ્યાં.

અન્યદા તેણે સમુદ્ર રસ્તે પોતાના સ્થાનક તરફ આવતી એક નાવિકા જોઈ. પોતે જેમાં બેસીને કંચુક લેવા માટે લક્ષ્મીપુર પાટણ સુધી આવ્યો હતો તેજ હોડી તેછે એમ તેને તરતજ જણાયું, તેથી સમુદ્ર કિનારે થોડી વખત સુધી ઉભો રહ્યો તેવામાં તે હોડી સમીપ ભાગે આવી અને જે માછી પોતાની સાથે હોડીમાં હતો તેનેજ તેમાં બેઠેલો જોયો. આ બનાવથી આશ્ચર્ય પામી પોતાના ભાગ્યોદયનો વિચાર કરવા લાગ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરતજ માછીને નાવિકામાંથી ઉતાર્યો અને સારી રીતે ભોજન કરાવ્યું. જમી રહ્યા પછી કુંવરે સઘળી હકીકત પુછી એટલે માછી કહેવા લાગ્યો કે જ્યારે તમે પેલી દેવતાઇ સ્ત્રીની પાછળ ગયા ત્યારે મેં નાવડીને કિનારા સાથે બાંધી અને આખા દિવસના પરિશ્રમથી વિશ્રાંતિ લેવાનો વિચાર કરી હું તેમાં સુતો. ઉનાળાની ઋતુ, નદીની શિતળતા, અને આખા દિવસનો થાક એ ત્રણ કારણથી મને તરતજ નિદ્રા પ્રાપ્ત થઇ. કેટલીએક વારે જ્યારે જાગૃતાવસ્થા પામ્યો ત્યારે નાવડીને સમુદ્રમાં યથેચ્છ જતી જોઇ. વધારે સાવધ થઇ તપાસ કર્યો તો જાણ્યું કે જે સ્થળે નાવડી બાંધી હતી તે સ્થળથી ભરતીના જોરને લીધે છુટી ગઇછે અને સમુદ્રમાં ચાલી જાયછે. થોડા વખત સુધી હું ભયભીત રહ્યો અને નાવડીનું સુકાન કઇ દિશા તરફ ફેરવવું તે કાંઇ સુઝ્યું નહી, એ પ્રમાણે સ્વયમેવ ચાલતા નાવડી આ બેટ તરફ ખેંચાઇ. મારી પાસે જે થોડોએક ખોરાક હતો તે ઉપર કેટલાએક દિવસ સુધી મેં ગુજરાન ચલાવ્યું. આખરે તે પણ ખુટી ગયું અને તેથી કેટલાએક દિવસ સુધી મારે ક્ષુધાનું દુઃખ વેઠવું પડયું. પુન્ય સંયોગે આજે મને આપના દર્શનનો લાભ થયો એટલે મને સર્વ સુખ મળ્યું એમ હું સમજુછું. હે સ્વામિન્ ! આપ મારાથી જુદા પડયા તે પછી આપ કઇ દિશા તરફ ગયા, અત્રે શી રીતે આવ્યા અને આ સઘળો પરિવાર ક્યાંથી પ્રાપ્ત થયો એ સઘળું કૃપા કરીને કહો જેથી મારો સંશય દુર થાય. તરતજ આરામનંદને પોતાની સઘળી હકીકત ટુંકામાં કહી બતાવી. એ પ્રમાણે તેઓ દ્રવ્યાગમનથી ત્યાં આનંદમાં દિવસો નિર્ગમન કરતા રહેવા લાગ્યા.

કેટલાએક દિવસે જે વ્યાપારીઓની સાથે પોતે લક્ષ્મીપુર પાટણથી દ્રવ્ય સંચય નિમિતે સહગમન કર્યું હતું અને જેઓ વ્યાપારાર્થે કુંવરના આગ્રહથી તેને આ સ્થળે રહેવા દઇ પોતે દ્વિપાંતરે ગયા હતા તેઓ પોતાના વહાણ માંહેનો સઘળો માલ વેચી દઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના પુન્ય પ્રમાણે નફો મેળવી તથા બીજો માલ ત્યાંથી ખરીદ કરી પાટણ તરફ પાછાં જતાં પાણી લેવાને વાસ્તે આ બેટ પાસે પોતાના વહાણનાંગરી કિનારા ઉપર ઉતર્યા. ત્યાં તેઓએ કુંવરને જોયા અને પરસ્પર ભેટ્યા. પછી તેઓએ કુંવરને પોતાની સાથે સ્વદેશ તરફ આગમન કરવા માટે આગ્રહથી કહ્યું. કુંવરે પણ તેઓનું વચન માન્ય કરી સાથે વિદાય થવાને તૈયારી કરી અને પોતાનો સઘળો સામાન તથા રત્ને કરીને સંયુક્ત અને રત્ન શિવાયના એ બંને જાતના છાણા વિગેરેથી પોતાનું વહાણ ભરાવ્યું.

વહાણની અંદર કુંવર છાણા ભરેછે એવું જોઇ દ્રવ્યના મદે કરીને ગર્વીત થયેલ વાણીઆઓ હસવા લાગ્યા અને પોતે ખરીદ કરી લાવેલ માલ, વધારે નફો પ્રાપ્ત કરાવનાર છે એવું જાણી પોતાની બડાઇ બતાવવા માટે કુંવરને કહેવા લાગ્યા કે અમારા વહાણમાં માલ જાસ્તી છે તેથી થોડોએક માલ ભાડું લઇને તમારા વહાણમાં લેશો ? કુંવરે ના પાડી.

કિનારે ઉતરેલા વ્યાપારીઓ પોતાનું કામ પતાવી રહ્યા એટલે તમામ ઉતારૂઓ વહાણમાં બેઠા. તરતજ લંગર ઉપાડી સઢ ચડાવ્યા એટલે વહાણ ધમધોકાર આગળ ચાલ્યા. અનુકુળ પવનના યોગે કેટલાએક દિવસ સુધી વહાણ બરાબર ચાલ્યા, પરંતુ પાછળથી વાયુ પ્રતિકુળ થયો તેથી સમુદ્રમાં વધારે દિવસ રોકાવું પડયું. બીજા વ્યાપારીઓ જેઓ વિત્તના લોભે કુંવરને ત્યાંજ મુકી આગળ ગયા હતા તેમના વહાણમાં અનાજપાણી વિગેરે સઘળી સામગ્રી હતી પણ બળતણ ખુટી જવાથી તેઓને કુંવરની પાસે છાણા વેચાતા લેવાની ફરજ પડી. જ્યારે તેમણે ઘણા કાલાવાલા કરીને કહ્યું કે અમે તમારી મશ્કરી કરી હતી તેથી કેટલાએક દિવસ સુધી તો કાચું અન્ન ખાઇને ચલાવ્યું પણ જ્યારે નિરૂપાય થયા અને બહુ હેરાન ગતિ થઇ ત્યારે તમારી પાસે માગવા આવ્યા છીએ; માટે ગમે તે કિંમતે છાણા અમને આપો. કુંવરે કહ્યું કે હું કાંઇ છાણા વેચવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે લાવ્યો નથી અને તમને વેચાણ આપવાનો પણ નથી. પરંતુ તમે મારી સાથે છો અને તમને ઘણી અડચણ પડેછે તેથી મને દયા આવેછે માટે જો તમે આપણે બધા સ્વદેશ પહોંચીએ ત્યારે જેવા છાણા મારી પાસેથી લીધાછે તેવા પાછા આપશું એવી સરત કરીને લીધેલા છાણાની ચીઠી લખી આપો તો હું તમને છાણા આપીશ. કુંવરના આવા વચનથી વાણીઆઓ ખુશી થયા અને આપસ આપસમાં કહેવા લાગ્યા કે આ વખત એ આપણી પાસેથી છાણાની મ્હોંમાંગી કિંમત લેવી મુકી દઇને સ્વદેશ પહોંચ્યા પછી આપણી પાસેથી છાણા પાછા લેવાનું કહેછે તેથી તે ખરેખર મૂર્ખ દેખાયછે. આપણેતો તેની મૂર્ખાઇનો લાભ લેતા આંચકો ખાવો નહી અને પૈસા આપવાની વાત ઉડાવી દેવી. એવો વિચાર કરી જેને જેટલા છાણાનો ખપ હતો તેટલાની ચીઠી શાક્ષી સાથે કુંવરને લખી આપી છાણા લઇ ગયા. કુંવરે પણ રત્ન રહીત છાણા તેમને આપ્યા.

ઘણા દિવસે વહાણો લક્ષ્મીપુર પાટણ સમીપે આવ્યા અને મુખ્ય મુખ્ય વહાણોમાંથી તોપોનો બહાર થયો. વહાણ આવ્યાની ખબર નગરમાં ફેલાયાથી જેજે વ્યાપારીઓના વહાણ હતા તેઓ બંદર ઉપર સામા આવ્યા, પરંતુ સાગર શેઠ સામા આવ્યા નહી. કારણકે બીજા લોકો જેમણે પોતાના શેઠને કહેવરાવ્યું હતું કે અમે અમુક જાતનો માલ ખરીદ કરી લાવ્યા છીએ, તે લોકો પૈકી કેટલાએક 'મૂર્ખો એ' સાગર શેઠને ખબર આપી હતી કે તમારો ગુમાસ્તો છાણા ભરી લાવ્યો છે અને કાંઇ પણ નફો તેણે મેળવ્યો નથી માટે તમે જો સામા આવશો તો તમારી અપકીર્તિ થશે. આ ભયથી સાગર શેઠ ઘેર રહ્યા હતા. હવે વહાણમાંના વાણીઆઓ કીનારા ઉપર ઉતરી ભેટણું લઇ લક્ષ્મીશ્વર રાજાને મળવા ગયા ત્યારે આરામનંદન પણ પોતાની સાથે જે છાણામાં રત્નો હતાં તેમાંથી કેટલાએક છાણા લઇને રાજાને ભેટણું કરવા તેમની સાથે ગયો. (અપૂર્ણ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મ વિચાર.
## (જિન પુજા).

વર્ષાઋતુ વ્યતીત થવાથી સર્વે દિશાઓ પ્રકાશમાન થઇ રહી છે. ચારે દિશાએ વનસ્પતિના ઉગી નીકળવાથી ભૂ ભામનીએ લીલી સાડી ધારણ કરેલીછે. લોકોના હૃદય પણ વરસાદ સારા થયાના કારણથી શાંત થયેલાં જણાયછે. જમીન ઉપર જાણે રંગ બેરંગી શેત્રંજી પથરાઈ રહી હોય એવું જણાયછે. કુદરતી શોભા જોતાં જોનારના દીલને આનંદ ઉત્પન્ન થાયછે એવા આનંદોત્પન્ન કર્તા સમયમાં એક દિવસ રાત્રીને સમયે જ્ઞાનચંદ્ર અને વિનયચંદ્ર એ બંને ધર્મ બંધુઓ પુર્વોકત જૈન મંદીરમાં એકઠા થયા. જ્યાં શ્રાવક અને શ્રાવિકાઓનો સમુહ જીનદર્શન કરવાના ઉત્સુકપણાથી હર્ષભેર આવાગમન કરી રહ્યાછે, જિનસ્તુતિ રૂપ કહેવાતા કાંવ્યોથી જિન મંદીરમાંથી ગંભીરનાદ નીકળી રહ્યોછે, અત્યંત સુશોભિત અને માણિક્યની કાંતિને પણ હઠાવે એવી અનોપમ કટોરીઓની રચેલી આંગીથી દર્શનાર્થે આવનારા મનુષ્યનાં નેત્ર અત્યંત તેજસ્વીપણાને પામી રહ્યાંછે, દરેક ભાગમાં કરેલી રોશનીથી દિપોત્સવીનો દિવસ હોય એવો આભાસ થઇરહ્યોછે. ગાનતાનમાં નિમગ્નથયેલા અને જિનભકિતમાં તત્પર ગવૈયાઓ જિનગુણ રૂપી ગાયન કરી રહ્યાછે, અને તેને તાળ આપવા માટે સુંદર સારંગીનો સ્વર અને ઘોષ કરનારાં નરઘાંઓનાં નાદ સંભળાઈરહ્યાંછે, જ્યાં તેઓના સુસ્વરે કરીને યુકત ગાયનથી માણસોની ઠઠ જામી રહીછે, દેરાસરને દરવાજે ઝણકારક નોબતોનો ગડગડાટ થઇ રહ્યોછે, મચકુંદના ફુલસરખી, ધેનૂના ક્ષીર સરખી, નિર્મળ જળના ફુવારા સરખી, સમુદ્રના ફીણ સરખી, અને રૌપ્યમય વૈતાઢયની કાંતિ સરખી શરદ પૂર્ણિમાંના ચંદ્રની ચંદ્રિકા ખીલવાથી શિખર ઉપરના સુવર્ણમય કળસો ઝળકી રહ્યા છે, સઘળે સ્થાનકે રૂપેરી શેત્રંજી પથરાઇ રહી હોય એવું દ્રષ્ટિએ પડેછે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેથી આવતાજતા મનુષ્યોનાં મુખ શ્વેત કમળ સરખાં શોભી રહ્યાંછે, જિનમંદીરમાં કરેલી રોશની નિર્મળ ચંદ્રિકાથી ઉલટી દ્વિગુણ શોભાને આપનારી થઈ ગઇછે એવા સુશોભિત જિનમંદીરમાં જોડેલા હોવાથી તેઓનાં ચિત્ત વધારે ઉલ્લાસમય દેખાતાં હતાં. જે સમયે જેમ જિનમહારાજા મુખ કમળથી પ્રસવ પામતી જિનવચન રૂપી અમૃતની ધારા ભવ્ય જીવોને શાંતતા પ્રાપ્ત કરેછે તેમ તેનો અનુભવ કરાવનારી ચંદ્રમાના કિરણોમાંથી ઉત્પન્ન થતી અનોપમ શિતળતા ચંદ્રમા અમૃતને શ્રવનારો છે એવું જણાવી આપતી હતી.[1] જે સમયે નાની નાની કુમારિકાઓ પોતે કરેલી જિનપ્રણિત સિદ્ધ ચક્રારાધન રૂપ આંબિલની તપશ્ચા સુખશાંતિથી પરિપૂર્ણ થયાના આનંદને પોતાના પ્રફુલ્લ લોચનથી અને હર્ષકારક વદનથી જણાવી આપતી હતી, નવમા આંબિલ રૂપ છેલ્લા દિવસનું પ્રતિક્રમણ કરી જિનદર્શન નિમિત્તે કુમારિકાઓનું હર્ષભેર આવાગમન થતું હતું, અને પોતાના શુદ્ધભાવથી પોતાની અપૂર્ણ જ્ઞાન વાળી ભાષામાં જિનરાજની સ્તુતિ કરી રહી હતી,[2] એવા આનંદકારી અવસરે તે બંને મિત્રોનો ધર્મ ચર્ચા રૂપ સંવાદ ચાલ્યો. તે બંને મિત્રોમાંથી પ્રથમ વિનયચંદ્ર બોલ્યો કે પ્રીયબંધુ! આપણા પૂર્વના સમાગમથી મને અગણિત ફાયદો થયેલો છે; કારણ કે જિનદર્શન કેમ કરવા તે માર્ગથી હું બીલકુલ અજાણ્યો હતો તે આપના સંભાષણથી જાણીતો થયાને લીધે હવે તેજ વિધિ વિધાન સંયુક્ત જિનદર્શન કરી મનુષ્ય

૧. જોકે જિનદર્શનની અને ચંદ્રમાની શિતળતાની અંદર જમીન આકાશ તુલ્ય અપાર અંતર છે, પરંતુ ફક્ત સરદપૂર્ણિમાના ચંદ્રની અત્યંત શિતળતા હોયછે તથા જિનમહારાજના વચનામૃતની શિતળતાની કિંચિત્ ભાન કરાવનારી તે શિતળતા છે એમ આ વાક્યથી જણાવ્યું છે.

૨. આપણા જૈન બંધુઓમાં કન્યાઓને અજ્ઞાન રાખવાનો રીવાજ છે તે સંપૂર્ણ રીતે હાની કર્તાછે તો તે દુઃખદાયક રીવાજનું સમૂળ ઉન્મૂળન કરવા માટે સ્વધર્મહિત ચિંતક શ્રાવકોએ તત્પર થવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મ સફળ કરૂંછું. પ્રીયમિત્ર! તે દિવસે મારા "જિનપૂજા કેવી રીતે કરવી" એવા પ્રશ્નનો ઉત્તર આપવાનું આપે બીજા પ્રસંગ ઉપર મુલતવી રાખેલું છે તો હવે આજે મને સવિસ્તર રીતે જણાવશો જેથી આપનો અત્યંત આભારી થઇશ.

જ્ઞાનચંદ્ર—ભાઈ વિનયચંદ્ર! મારા મનમાં પણ તમારા તે પ્રશ્નનો આજે ઉત્તર આપવાનોજ વિચાર છે. તમે સવિસ્તરપણે કહેવા કહ્યું પરંતુ હું અલ્પ જ્ઞાની તેવી રીતે સવિસ્તર કહેવા શકિતમાન નથી તો પણ યથામતિ પૂર્વક કહેવાની ઇચ્છા ધરાવુંછું.

જૈનશાસ્ત્રોમાં જિનપૂજાના ત્રણ પ્રકાર કહ્યા છે. ૧ અંગપૂજા. ૨ અગ્રપૂજા. ૩ ભાવપૂજા. અંગપૂજા જળચંદન અને પૂષ્પથી થાયછે, અગ્રપૂજા ધૂપ, દીપ, અક્ષત, ફળ અને નૈવેદ્યથી થાયછે અને ભાવપૂજા વંદન સ્તુતિ પ્રમુખે કરીને થાયછે. અંગપૂજા અને અગ્રપૂજામાં અષ્ટપ્રકારી પૂજાનો સમાવેશ થઈ જાયછે. કોઇ સ્થાનકે પૂજાના પાંચ પ્રકાર કહ્યાછે તેમાં જળ, ચંદન, પુષ્પ, ધુપ અને દીપ એ પાંચજ ગણ્યા છે. પ્રકારાંતરે જિનપૂજાના સતર, એકવીશ અને યાવત્ એકશોનેઆઠ ભેદ જૈનસિદ્ધાંતોમાં કહેલા છે.

એ પ્રમાણેની અષ્ટપ્રકારી પૂજા કેવી રીતે કરવી, ક્યાં રહીને કરવી, અને કરતાં શું ભાવ લાવવો, અર્થાત જિનરાજની કેવી અવસ્થા ભાવવી તેનું સ્વરૂપ કહ્યા અગાઉ પ્રથમ જિનમંદીરે કેવી રીતે જવું, શરિરશુદ્ધિ કેવી રીતે કરવી, કેવા વસ્ત્ર પરિધાન કરવા, અને પૂજોપગરણ કેવા મેળવવા તે સંબંધી કહેવાની વધારે આવશ્યકતા જણાયછે.

વિનયચંદ્ર—ભાઇ જ્ઞાનચંદ્ર! તમે પાછળ કહી તે બાબતમાં પૂજા કરવા આવનારા શ્રાવકો બહુજ અવિચારીપણે વર્તેછે. હું મારી અલ્પમતિ મુજબ વિચાર કરૂંછું તો મને હાલ જે જે બાબતો પ્રવર્તનમાં છે તે વ્યાજબી અને શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે હોય તેમ જણાતું નથી. કેટલાએક લોકો બેસુમાર ટાઢું કે ઉનું પાણી ન્હાતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢોળેછે, શરિર શુદ્ધિની અપેક્ષા ન રાખતાં ન્હાયા પછી અબોટીઆઓ કરેછે, જમીનની શુદ્ધતા ઉપર નજર ન કરતાં જેવીતેવી જીવાકુળ ભૂમિકા ઉપર ન્હાય છે, જમીન શુદ્ધ હોયછે પણ બીજા જીવોની ઉત્પત્તિ થયેલી હોયછે તો તેની જતના કરવા ઉપરે ધ્યાન રાખતા નથી, વસ્ત્રની નિર્મળતા તરફ નજર કરતાં સંઘ તરફથી રાખેલા શુદ્ધ વસ્ત્રો પહેર્યા વિના રંગમંડપમાં પ્રવેશ કરેછે, જેઓ પોતાના ઘર તરફથી પૂજા કરવાના વસ્ત્રો રાખેછે તેઓ પણ પોતે કાયમ પહેરવાના અબોટીઆ દરરોજ કરાવેછે પણ આ વસ્ત્રો છ માસે પણ ધોવરાવતા ન હોવાથી મલીન થઇ ગયેલા અને દુર્ગંધી મારતા જણાયછે, પૂજા કરવામાં પાણી જેવુંકે સપેતાઈ મારતુ અથવા તદન સુખડે કરીને સંયુક્ત કેશર હોયછે તેની ફીકર નહીં પણ ચાંડલા કરવામાં તો લાલચોળ કેશર લેછે. પોતે શ્રીમંત હોવા છતાં પૂજોપગરણ બીલકુલ નિયમસર રાખતા નથી, ઘણું કરીને પુષ્પ બીલકુલ ચડાવતાજ નથી પણ કદી ચડાવવા સારૂ લેછે તો તે શુદ્ધ કે અશુદ્ધ છે, તાજાં છે કે વાસી છે, સુગંધયુક્ત છે કે સુગંધ રહીત છે, સાંચાં છે કે ખોટાં છે તે પણ તપાસતા નથી, ધુપ કરવામાં સુગંધનુંજ કારણ છતાં અગરબત્તિ સળગાવીને કરવા માંડેલો ધુપ સુગંધ આપેછે કે નહીં તે ઉપર વિચાર કરતા નથી, જો તે અગરવાટના ધુપનો ધુમ્ર સમુહ પોતાના નાક પાસે આવેછે તો પોતે નાક સંકોચેછે, મુખ ફેરવેછે, પરંતુ તે ઉપરથી આવો ધુપ ત્રૈલોક્યના નાથ પ્રત્યે કેમ કરવો તે ઉપર બીલકુલ ધ્યાન આપતા નથી, દીપપૂજા ઘણું કરીને સમૂળગી કરવામાંજ આવતી નથી, અને કોઇ કરેછે તો તે શી રીતે કરવી તે જાણતા નથી, આ પ્રમાણે કેટલીએક બાબતોમાં ઘણા બંધુઓ અજ્ઞાનપણે વર્તેછે. (અપૂર્ણ.)

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सत्त्व.

## ( અજા પુત્ર ચરિત્ર. )

સાંધાણુ પાને ૧૧૨ થી.

આ અકસ્માત બનાવથી રાજા ચિંતા, ભય, શોક અને વિસ્મયમાં લીન થઇ ગયો. પણ મારા મિત્રને જાણે કોઈ છળ કરી લઇ જાયછે તેથી હું તેને છોડાવી લાવું એમ વિચારી તરતજ હસ્તમાં ખડ્ગ ધારણ કર્યું, વિભ્રમ થઇને હસ્તીની પુંઠે દોડયો અને "હે પાપી, હે દુષ્ટ, મારા મિત્રને ગ્રહણ કરીને તું કયાં જઇશ" એવો પોકાર પાડીને તેણે સરોવરને વિષે ઝંપાપાત કર્યો. આગળ હસ્તીને પાછળ નૃપતિ એવી રીતે જળમાં કેટલાંએક ડગલાં ચાલ્યા પછી ન જોવામાં આવ્યો તે હાથી કે ન જોવામાં આવ્યું તે સરોવર, એમ બેમાંનું કાંઈ પણ દેખાયું નહીં અને પલકમાં સઘળો દેખાવ અદૃશ્ય થઈ ગયો તેથી આશ્ચર્ય પામીને "અરે આ શું થયું" એમ ચિંતવન કરી ચારે દિશા તરફ દૃષ્ટિ કરેછે તેટલામાં એક મનને અને અંતઃકરણને આનંદ આપનાર ભવ્ય અને સુંદરપતાકાએ કરીને સહીત એવું ભુવન તેની દૃષ્ટિએ પડયું. ભયભીત થઇને રાજા મનમાં વિચારવા લાગ્યો કે તે હસ્તી કયાં ગયો, વિશાળ સરોવર કયાં ગયું, મારો મિત્ર કયાં ગયો, મારી રાજ્યભૂમિ કયાં રહી, આ સઘળો ચમત્કાર શો અને આ પ્રસાદ કોનો! એમ મનને વિષે વિષવાદ પામતો ભૂવન જોવાની આકાંક્ષાથી તેણે તેની અંદર પ્રવેશ કર્યો. અંદર જઇને જોયું તો એક વિકાળ ચાંમુંડાની મૂર્તિ દેખાઇ. પ્રિયજનના વિયોગથી અત્યંત ખેદ પામે થયોછે જેને એવો તે નરપતિ ગદ્ગદિત કંઠે બોલવા લાગ્યો કે હું નથી જાણતો કે મારો પ્રાણદાતાર મિત્ર કયાં ગયો ગમે તેમ પણ મારા દુર્બળ પ્રારબ્ધની પ્રબળતાથી આવું મિત્રરત્ન ખોયું ત્યારે હવે જીવવાનું શું પ્રયોજન છે? કાંઇ નહીં. આવા સદ્ગુણી મિત્રના વિયોગના દુઃખની વ્યથા સહન કરવા કરતાં પ્રાણનો ત્યાગ કરવો એજ ઉચિતછે એમ વિચારી હસ્તને વિષે કૃપાણ (ખડ્ગ) ગ્રહણ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મસ્તક ઉપર ધરેછે તેવામાં દેવીએ પ્રત્યક્ષ થઈ તેનો કર પકડ્યો અને કહેવા લાગી "હે પુરૂષ! તારે આવી રીતે દેહને સંતાપવાનું શું કારણછે? જ્યારે કાંઇ પણ આપત્તિ આવી પડે ત્યારે દૃઢ થઇને સહન કરવી અને દૂર થાય એવા ઉપાય યોજવા; વળી વિપત્તિને સમયે વ્યાકુળ ન થવું અને સંપત્તિને વખતે ઉચ્છંખલ ન થવું એજ ડાહ્યા પુરૂષનું કર્તવ્ય છે; આવા આત્મહત્યાના કૃત્યથી તમારા કુળને કલંક લાગશે, જગતમાં અપકીર્તિ થશે, તમારી પ્રતિષ્ટા પાયમાલ થશે, લોકો હાંસી કરશે, તમે મુર્ખમાં ગણાશો, અને તમારો આ લોક તથા પરલોક બગડશે." તેવારે દુર્જય રાજાએ કહ્યું કે જેણે મને જીવિતદાન આપી અત્યંત ઉપકાર કરેલો એવા સદ્ગુણના સિંધુ રાજકુમારનું કોઇએ હરણ કર્યું તેના વિરહથી આ સંસાર શૂન્ય થયો, જીવિતવ્ય નિષ્ફળ થયું, જન્મ અફળ થયો, સંપત્તિ વિપત્તિરૂપ થઇ, રાજ્ય દુઃખદ થયું અને હું ઉત્સાહ રહિત થયો. અરે! જેને હું મારા સર્વસ્વરૂપ ગણતો એવો સદ્ગુણરૂપી રત્નનો ઢગલો આજે વેરાઈ ગયો! મારૂં સર્વસ્વ લુંટાઈગયું અને તેથી આ દેહ પણ ભારભૂત થયો

દેવીએ કહ્યું "આવા મિત્રવિયોગની વિપત્તિ પ્રાપ્ત થયે આવા કૃત્યો કરી વિપત્તિ રૂપ સમુદ્રનો પાર પામે એવા મનુષ્ય કરતાં વિપત્તિના પ્રબળ પ્રહારો પડતાં છતાં આવા આત્મહત્યાના કૃત્યોને પડખે પણ ન ચડેલ અને આપત્તિને સહન કરી, ધૈર્યને ધારણ કરી, ભાવી જે બનવાકાળ હોય તેજ પ્રમાણે બનેછે અને પુન્યોદયનું જોર જ્યારે ઓછું હોયછે ત્યારેજ કાંઈ કષ્ટ આવી પડેછે એમ વિચારી, દુઃખથી કાંઇપણ કંટાળો ન પામતાં, તેને જે ધૈર્યતાથી સહન કરેછે એજ ઉત્તમોત્તમ અને મનુષ્યને વિષે શિરોમણી ગણાય છે. આવી રીતે મિત્ર વિરહ રૂપી પ્રાપ્ત થયેલી વ્યથાથી ઘેલા થઈ જઇ પોતાનો અમુલ્ય પ્રાણ પરહરવો એ જેવું નિંદીત કાર્ય બીજું શું કહેવાય? વળી સાહસ કૃત્ય કરવાથી અંતે પશ્ચાતાપ થશે અને જીવિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તવ્ય હશે તો કોઇ વખત મનવંછિત પ્રાપ્ત થશે માટે તું પ્રાણ ત્યાગ કરવો બંધ રાખ. તારો મિત્ર તને કોઇપણ ઠેકાણે આજથી છ માસ પછી મળશે" એમ કહી રાજાના હસ્તને વિષે એક ઔષધી આપી તેના કાનને વિષે કાંઇ ગુપ્ત વાત કહીને દેવી અદ્રશ્ય થઈ ગઇ.

આ બનાવ બન્યાને કંઇ ઝાઝો વખત થયો નથી એટલામાં જેના સર્વાંગો સુંદર છે, જેનું દીવ્ય સ્વરૂપ છે, કંઠને વિષે મોતીની માળા ધારણ કરી છે, પગને વિષે ઝાંઝર પહેરેલાં છે, અને જેના સર્વ અવયવો પ્રવર અલંકાર અને આભુષણે કરી સુશોભિત છે એવી એક સ્ત્રી પોતાની કેટલીએક સહીઓ સાથે હસ્તને વિષે પુજાની સામગ્રી ધારણ કરીને તે દેવીનું પૂજન કરવાને ત્યાં આવી. ટુંકા વખતમાં દેવીનું યથાયોગ્ય રીતે પૂજન કરીને રાજાની ઉપર કટાક્ષ નયણે જોતી ચાલી ગઇ. તે સ્ત્રીને જોઇને રાજા અત્યંત વ્યામોહ થયો અને તેને જોવાને માટે તરતજ તે ભુવનની બહાર આવ્યો પરંતુ તે સ્ત્રી તો તેની દ્રષ્ટીએ પડી નહીં. નિરાશ થઇને ત્યાં બેઠો તેવામાં તે સ્ત્રીની એક દાશી ત્યાં આવી અને રાજાને વિનવવા લાગી કે હે સ્વામિન્! સર્વાંગસુંદરી નામે મારી સ્વામિની છે જેકે હમણાજ આ દેવીનું પુજન કરવાને આવી હતી. પુજન કરીને પાછા જતાં આ સ્થળે આપનું રૂપ જોઇ જેમ કામદેવને દેખીને રતી વ્યામોહ પામે છે તેમ આપને દેખવાથી તે આપનુંજ ચિંતવન કરે છે. તે પોતાને સ્થળે પહોંચી પણ આપના દર્શન વિના તેને સમયમાત્ર પણ સુખ નથી અને તેથી તેણે મને આપને તેડવા માટે અત્રે મોકલી છે માટે આપ કૃપા કરીને પધારો અને તેના હૃદયનું શાંત્વન કરો. રાજાને મનવંછીત પ્રાપ્ત થયું તેથી તે તત્કાળ દાસીની સાથે ચાલ્યો.

જેવો તે સ્ત્રીના મહેલ આગળ પહોંચ્યો કે તરતજ તેણીએ રાજાને ઘણોજ આદરસત્કાર દીધો અને અંદર પધારી ત્યાં રહેવા વિનંતી કરી. ત્યાં રહી તે દેવકન્યા સાથે રાજા સુખવિલાસ ભોગવતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો. જાણે પોતે સ્વર્ગનું સુખ ભોગવતો હોય તેમ રાજા તે સ્ત્રીની પ્રીતિમાં લીન થઇ જઇને પોતાનું રાજ્ય વિસરી ગયો, સ્ત્રી વિસરી ગયો, પ્રજા વિસરી ગયો, પ્રધાનાદિ પ્રિયજનોને વિસરી ગયો અને પોતાના પ્રાણથી વહાલા મિત્રને પણ વિસરી ગયો. વાંચનાર! હવે તે મિત્રનું શું થયું તે જાણવાની આકાંક્ષા હશે તો તે સાંભળો.

જે હસ્તી અજાપુત્રને પોતાની સુંઢમાં ગ્રહણ કરી સરોવર મધ્યે ચાલ્યો ગયો તેણે પોતાની દેવશકિતથી તેને પાતાળમાં જ્યાં વ્યંતરોના સ્થાનક છે ત્યાં મુકયો અને હસ્તી અદ્રશ્ય થઇ ગયો. એવામાં ત્યાં કોઇ વ્યંતરી આવી. તેના મનની અંદર દયા પ્રાપ્ત થઇ તેથી તે અજાપુત્રને ત્યાંથી જ્યાં વ્યંતરેંદ્ર હતો ત્યાં લઇ ગઇ અને વ્યંતરપતિને કહ્યું કે હે સ્વામી! કોઇએ માનવ લોકમાંથી આ મનુષ્યને અહીં લાવીને મુકયો છે, અજાપુત્રે પણ તે વ્યંતરપતિને પ્રણામ કર્યા અને તેના પુછવાથી પોતાનો સઘળો વૃત્તાંત કહી બતાવ્યો.

વ્યંતરેંદ્રે કહ્યું હે ભાઇ! તું જરા પણ ભય પામીશ નહીં, હું તને તારે સ્થાનકે મોકલાવીશ; માટે હમણા અહીંઆં જ્યાં તારી ખુશી હોય ત્યાં રહે. તેના એવા પ્રિતિમય વચન શ્રવણ કરી અજાકુમાર તેને ત્યાં પુત્ર પ્રમાણે રહેતો હવો; અને ત્યાં નાના પ્રકારના મનને આનંદ પમાડનારા કૃત્યો કરી પોતાના દિવસ સુખે નિર્ગમન કરવા લાગ્યો.

અન્યદા કુંવરે પુછયું હે તાત! અહીંથી નીચે શું છે તે કૃપા કરીને કહો.

વ્યંતર પતિએ કહ્યું અહીંથી નીચે દશનીકાયના ભુવનપતિના સ્થાનક છે અને તેની નીચે અનુક્રમે સાત નારકીછે એમ જૈનશાશનમાં કહ્યુંછે.

કુંવરે કહ્યું તે જોવાની મારે ઇચ્છાછે માટે મને તે જોવા તેડી જાઓ.

કુંવરની એવી ઇચ્છાથી વ્યંતરેંદ્ર કુંવરને પોતાની સાથે લઇ નારકી જોવાને તેડી ગયા, (અપૂર્ણ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રાહકોને અગત્યની સૂચના.

મહેરબાનો ! આપની સમીપે અમારાં આઠ અંક પ્રાપ્ત થઈ ગયા છતાં લવાજમ મોકલવા ઉપર થોડું લક્ષ અપાય છે પરંતુ અમારા છ માસ પછીના જાસ્તી લવાજમ લેવાના રૂલને લક્ષમાં રાખશો તો મોટી મહેરબાની થઈ ગણાશે.

જે ગ્રાહકો ઓછા અંક રાખી ચોપાન્યું બંધ કરવા લખેછે અથવા તો એક અંક પાછો મોકલી તેવું સૂચવે છે પરંતુ તેમણે યાદ રાખવું કે ચુકતે હીસાબે લવાજમ મોકલ્યા સિવાય બંધ કરવાનું લખવું તે નિરર્થક છે. માટે જેમણે બંધ કરવું હોય તેમણે આવેલા અંકના લવાજમ સાથેજ બંધ કરવા લખવું.

—જે સાહેબોએ લવાજમ મોકલ્યા છતાં તેની પહોંચ એક માસ સુધીમાં અપાયેલી ન જણાય તેમણે ફરીને ખબર આપવા તસ્દી લેવી.

## લવાજમની પહોંચ.

૧-૩ શેઠ. શંકરદાસ ચુનીલાલ.
૧-૩ શા. કરમચંદ વીરચંદ.
૧-૩ શા. ઝવેરચંદ જેતશી.
૧-૦ મોદી. કુબેર વીરજી.
૧-૦ શા. ગોપા હેમ.
૧-૩ શા. પેલાચંદ ઉમેદચંદ.
૧-૩ શા. હેમચંદ વસ્તારામ.
૧-૦ શા. રાયચંદ ફીકા.
૧-૦ શા. સુરચંદ સાકરચંદ ભાવનગર.
૧-૩ વકીલ. મોહનજીભાઈ.
૧-૩ શા. નગા કમા.
૧-૩ શા. હીરજી દેશર.
૧-૩ વકીલ. જાદવજી વાલજી.
૧-૦ શેઠ. બાલાભાઈ અમરતલાલ.
૧-૦ શા. નરોતમ હકુ.

૧-૩ રાજેશ્રી. ચીમનલાલ લલુભાઈ
૧-૩ વોરા. ગણેશ મુળજી.
૧-૩ શા. દેવચંદ દામોદર.
૧-૦ ઝવેરી. ઠાકરશી પ્રાગજી.
૧-૩ શા. જગજીવન વશરામ.
૧-૩ માઝની. શીરાજ સોમજી.
૧-૩ શા. વીઠલદાસ મોતીચંદ.
૧-૦ શા. નથુભાઈ વાલજી.
૧-૦ શા. પરશોતમ દીપચંદ ભાવનગર
૧-૩ શા. પરશોતમ દીપચંદ.
૧-૩ શા. પીતાંબર મોનજી.
૧-૦ શા. લખમીચંદ તારાચંદ.
૧-૦ શા. રાયચંદ મોનજી.
૧-૦ નરોતમ પરશોતમ.
૧-૩ શા. જેચંદ જેઠા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | |
|---|---|
| ૧-૦ શા. મોતીચંદ પેથા. | ૧-૩ સાધુ. ગોવાજી જેમલ. |
| ૧-૦ શા. પરશોતમ હીરા | ૧-૩ શા. સાકરચંદ લખમીચંદ. |
| ૧-૦ શા. સોમચંદ ઓધવજી. | ૧-૩ બાઈ. રવાજી દેવરાજ. |
| ૧-૦ શા ગાંડાભાઈ તારાચંદ. | ૧-૩ શા. ઉજમશી મગનલાલ. |
| ૧-૩ શા. વીરચંદ લવજી. | ૧-૩ શા. ઠાકરશી લાલચંદ. |
| ૦-૧૪ શેઠ. રામજી પ્રેમજી. | ૧-૩ બાઈ. ચુનીલાલ છગનલાલ. |

# ચોપાનીઆની પહોંચ.

વાર્ણવિલાસ, બુદ્ધિપ્રકાશ અને વિદ્યાવિલાસ બદલે અને આનંદ સારસંગ્રહ ભેટ મળવા લાગ્યા છે તે ઉપકાર સાથે કબુલ રાખીયે છીયે.

જે ચોપાનીઆના તથા ન્યુસપેપરોના એડીટરો તરફ અમે અમારૂં ચોપાનીયું મોકલેલું છે તેમના તરફથી બદલે મળશે નહીં તો તે સાહેબોના નામ મોટી ખુશી સાથે ગ્રાહકના લીસ્ટમાં દાખલ કરીશું.

નીચે જણાવેલી ચોપડીઓ ભાવનગરમાં અમારી સભાની ઓફીસમાંથી. સુરતમાં શા. ડાહ્યાભાઈ રૂપચંદ ઠે. નાગુંજરગાંથી, અમદાવાદ શ્રી જૈન પ્રવર્તક સભા ઠે. દેવસાને પાડેથી અને મુંબઈ શા. ભીમશી માણેક ઠે. માંડવી બંદરથી તથા શા. ચુનીલાલ વીરચંદ ઠે. વીઠલવાડીમાંથી રોકડી કીમતે મળશે.

| | | |
|---|---|---|
| ૧ | સુભાષિત સ્તવનાવળી ભાગ ૧ લો | ૦-૧-૦ |
| ૨ | ,, ભાગ બીજો | [illegible] |
| ૩ | સત્તરભેદી પૂજા (આત્મારામજી કૃત) | [illegible] |
| ૪ | વીશ સ્થાનકની પૂજા ,, | [illegible] |
| ૫ | દેવદ્રવ્ય વિષે નિબંધ | [illegible] |
| ૬ | સમકિત સત્ત્યોદ્ધાર | [illegible] |
| ૭ | પ્રાર્થનાવળી (નવી) | [illegible] |
| ૮ | જૈન માર્ગના માળા અંક સોળેલો | [illegible] |
| ૯ | ,, અંક ૧૭. | [illegible] |
| ૧૦ | સુંદર સ્તવનાવળી | [illegible] |
| ૧૧ | દયાનંદ સરસ્વતીમુખ ચપેટીકા ભાગ પહેલો | [illegible] |

શાસ્ત્રી ડુંગરશી

For Private And Personal Use Only